ક્રમાંકઃ– જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૦૬
જીઆઈડીસી, ઉદ્યોગભવન,ગાંધીનગર.
તા. ૬ /૫/૨૦૧૫

//પરિપત્ર//

વિષયઃ– નિગમની જુદી જુદી ઔદ્યોગિક વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક મિલ્કતની સ્વૈચ્છિક પરત સોંપણીમાં આંશિક સુધારા બાબત.

સંદર્ભઃ– (૧) નિગમની ૪૭૮ મી સભામાં પસાર થયેલ ઠરાવ ક્રમાંક–૩૩/વિતરણ/૪૭૮/૨૦૧૫.
(૨) સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિના પરિપત્ર ક્રમાંક–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૬/૨૨ તા.૭/૧૧/૨૦૧૩.
(૩) સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિના પરિપત્ર ક્રમાંક–જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૬/૨ તા.૧/૧/૨૦૧૧.

નિગમની જુદી જુદી વસાહતોમાં ફાળવણી કરવામાં આવેલ ઔદ્યોગિક પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિ અંગે જરૂરી સુચનાઓ સંદર્ભ–૩ અંતગર્તના પરિપત્રથી જારી કરવામાં આવેલ છે. આ નીતિની અમલવારીની મુદત તા.૩૧/૩/૧૪ સુધી સંદર્ભદર્શિત પરિપત્ર નં–૨ થી વધારવામાં આવેલ હતી.

આ લંબાવેલી મુદત બાદ પણ ક્ષેત્રિય કચેરીઓને ઔદ્યોગિક પ્લોટની સ્વૈચ્છિક પરત સોંપણી અંગે વિનંતીઓ મળેલ છે અને આ પડતર અરજીઓ બાબતે નિર્ણય લેવા માટે રજુઆતો મળેલ છે અને આ સંદર્ભની એક દરખાસ્ત નિયામક મંડળની ૪૭૮ મી સભામાં સાદર કરવામાં આવેલ. નિગમની સભાના ઠરાવ ક્રમાંક–૩૩/વિતરણ/૪૭૮/૨૦૧૫ થી મળેલ મંજુરી મુજબ નિગમ પાસે પડતર આવી તમામ દરખાસ્તો ઉપર નિગમની સ્વૈચ્છિક પરત સોંપણીની નીતિ અંતર્ગત નિર્ણય લેવાની સત્તા નિગમના માન. ઉપા. અને વ. સં. શ્રી ને રહેશે.

ક્ષેત્રિય કચેરીએ સ્વૈચ્છિક પરત સોંપણીની તમામ દરખાસ્તોને સ્પષ્ટ અભિપ્રાય સાથે જરૂરી મંજુરી અર્થે વડી કચેરીએ મોકલી આપવાની રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ–</u>

(૧) પ્રમુખશ્રી ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઈએન્ડએ).